# મુખ્ય હકીકત નિવેદન અને ક્રેડિટ કાર્ડ્સ માટે સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો

## સામગ્રીનું કોષ્ટક

**A) ફી અને શુલ્ક 2**
i. પ્રાથમિક કાર્ડધારક માટે જોડાવાની ફી અને વાર્ષિક સભ્યપદ ફી 2
ii. રોકડ એડવાન્સ ફી 6
iii. વ્યવહારો માટે વસૂલવામાં આવતું સેવા શુલ્ક 7
iv. વ્યાજ મુક્ત (રાહતનો સમયગાળો) 8
v. રિવોલ્વિંગ ક્રેડિટ અને રોકડ એડવાન્સ બંને માટે ફાઇનાન્સ ચાર્જિસ 9
vi. વિલંબિત ચૂકવણી માટેનું વ્યાજ શુલ્ક - માસિક અને વાર્ષિક ધોરણે આપવામાં આવશે 9
બિઝબ્લેક Metal Card, બિઝપાવર, બિઝગ્રો, બિઝફર્સ્ટ, GIGA બિઝનેસ માટે LPC ઉદાહરણ: 11
vii. ડિફોલ્ટના કિસ્સામાં શુલ્ક ( 11
**B) ઉપાડની મર્યાદાઓ 11**
i. ધિરાણ મર્યાદા 11
ii. ઉપલબ્ધ ધિરાણ મર્યાદા 11
iii. રોકડ ઉપાડ મર્યાદા 12
**C) બિલિંગ 12**
i. બિલિંગ સ્ટેટમેન્ટ – સમયગાળો અને મોકલવાની રીત 12
ii. ચૂકવવાપાત્ર ન્યૂનતમરકમ 12
iii. ચુકવણીની પદ્ધતિ 12
iv. બિલિંગ વિવાદોનો ઉકેલ 13
v. કાર્ડ જારી કરનારનું સંપૂર્ણ પોસ્ટલ સરનામું 13
vi. ગ્રાહક સંભાળ સેવાઓ માટે ટોલ ફ્રી નંબર, ઈમેલ આઈડી અને એસએમએસ માટેનો સમર્પિત ટેલિફોન નંબર, ફરિયાદ નિવારણ અધિકારીની સંપર્ક વિગતો 13
**D) ડિફોલ્ટ અને પરિસ્થિતિઓ 14**
i. કાર્ડધારકને ડિફોલ્ટર તરીકે જાહેર કરવા માટે નોટિસ અવધિ સહિતની કાર્યવાહી: 14
ii. ડિફોલ્ટ રિપોર્ટ પાછી ખેંચવાની પ્રક્રિયા અને બાકી રકમની પતાવટ પછી ડિફોલ્ટ રિપોર્ટ પાછો ખેંચવાનો સમયગાળો 14
iii. ડિફોલ્ટના કિસ્સામાં પુનઃપ્રાપ્તિ માટેની પ્રક્રિયા 14
iv. કાર્ડધારકના મૃત્યુ/કાયમી અસમર્થતાના કિસ્સામાં લેણાંની વસૂલાત 14
v. કાર્ડધારક માટે ઉપલબ્ધ વીમા કવચ, જો કોઈ હોય તો અને વારસાઈની વિગતો સહિત પોલિસીના સક્રિયકરણની તારીખ 14
**E) કાર્ડ સભ્યપદની સમાપ્તિ / રદ કરવાની પ્રક્રિયા 14**
i. કાર્ડધારક દ્વારા કાર્ડ સમર્પણ/બંધ કરવાની પ્રક્રિયા: 14
ii. વેબસાઈટ પર ફક્ત ઉપરોક્ત માટે આપવામાં આવેલ લિંક 15
iii. બંધ / હોટલિસ્ટિંગ શરૂ કરવા કાર્ડધારક માટે સંપર્ક વિગતો - ઇમેઇલ-આઈડી, એસએમએસ માટે સમર્પિત ટેલિફોન નંબર, SMS, IVRS 15
iv. જો કાર્ડનો ઉપયોગ એક વર્ષથી વધુ વર્ષથી ન થયો હોય તો કાર્ડ સબંધિત ખાતું બંધ કરવાની કાર્યવાહી 16
**F) કાર્ડ ગુમ થવું/ચોરી થવું અથવા કાર્ડનો દુરુપયોગ 16**
i. કાર્ડ ગુમ થયેથી/ ચોરી થયેથી અથવા તેનો દુરુપયોગ થયેથી કાર્ડ જારી કરનારને સૂચના આપવા માટે અનુસરવા જોગ પ્રક્રિયા: 16
ii. અનધિકૃત વ્યવહારોની જાણ કરવા અને કાર્ડને બ્લોક કરવા, નજીકની શાખાને જાણ કરવા માટેની વેબ-સાઇટ લિંક, ફોન બેંકિંગ, એસએમએસ, ઇ-મેલ, IVR, સમર્પિત ટોલ-ફ્રી હેલ્પલાઇન, વગેરે. 17
iii. 'ગ્રાહક સુરક્ષા – અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહકોની જવાબદારી મર્યાદિત કરવા' બાબતે આરબીઆઈના પરિપત્ર નં. DBR. નં. લેગ. BC.78/09.07.2005/2017-18 તારીખ 6 જુલાઈ, 2017ના સંદર્ભના ઉપરોક્ત (i) ના કિસ્સામાં કાર્ડધારકની જવાબદારી જેસમયાંતરે અપડેટ કરવામાં આવે છે. 17
**G) ફરિયાદ નિવારણ અને વળતર બાબતનું ફ્રેમવર્ક 17**
i. ફરિયાદ નિવારણ અને ઝડપી પ્રક્રિયા: 17
ii. ફરિયાદોના નિવારણ માટેની સમયરેખા: 18
iii. અસફળ/નિષ્ફળ વ્યવહારો, ફરિયાદના નિવારણમાં વિલંબ, ખાતું બંધ કરવામાં વિલંબ / ખોવાઈ ગયેલા અથવા ચોરાયેલા કાર્ડ્સને બ્લોક કરવામાં વિલંબ, વગેરે માટે વળતરનું માળખું. 18
iv. કાર્ડ જારી કરનારની સંપર્ક વિગતો – 24 કલાક કોલ સેન્ટર, ઇમેઇલ-આઇડી, હેલ્પલાઇન, અન્ય મહત્વપૂર્ણ ટેલિફોન નંબરો: 18
**H) સ્પષ્ટતાઓ 18**
**I) રિવોર્ડ પોઈન્ટ્સ અને કેશપોઈન્ટ્સ 19**
**J) અન્ય અગત્યની માહિતી 23**
**K) લાઉન્જનો વપરાશ 23**

બિઝબ્લેક મેટલ કાર્ડ અને બિઝપાવર માટે ભારતમાં નિશુલ્ક લાઉન્જનો વપરાશ: 23
L) ગૂડ્સ અને સર્વિસ ટેક્સ (GST) 23
M) રૂ. 1 કરોડથી વધુ ઉપાડ પર TDS 23
N) સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો પ્રાદેશિક ભાષામાં 23
O) વધારાની સૂચિ 24

પ્રિય ગ્રાહક - સંપૂર્ણ સમજણ માટે HDFC બેંક લિમિટેડના કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટની સાથે **"સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો (MITC)"** વાંચવાની જરૂરિયાત છે. MITC સમીક્ષાને પાત્ર છે. વિગતો માટે www.hdfcbank.com નો સંદર્ભ લો.

**વિભાગ I: મહત્વના નિવેદન**

**A) ફી અને અન્ય ચાર્જિસ**

**i. પ્રાઇમરી કાર્ડ હોલ્ડર માટે જોડાવાની ફી અને વાર્ષિક સભ્ય ફી:** દરેક કાર્ડમેમ્બર માટે ઓફરની વિવિધતા મુજબ ફી અલગ અલગ હોઈ શકે છે. ક્રેડિટ કાર્ડ માટે અરજી કરતી વખતે કાર્ડમેમ્બરને આની જાણ કરવામાં આવે છે. લાગુ પડતી નીચે જણાવ્યા મુજબની ફી કાર્ડના ખાતામાં બિલ તરીકે ગણવામાં આવે છે અને જે મહિનામાં તે ગણવામાં આવી હોય તે મહિનાના કાર્ડ સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવે છે.

| કાર્ડની વિવિધતા | જોડાવાની / વાર્ષિક સભ્ય ફી | વાર્ષિક ફી /પછીના વર્ષની રિન્યુઅલ ફી માંથી મુક્તિ મેળવવા માટે કરવા જોગ ન્યૂનતમખર્ચ * | ફ્યુલ માટેના વ્યવહાર બાબતનો સરચાર્જ (+ GST) ** | વિદેશી ચલણમાં વ્યવહારો વ્યવહારના મૂલ્યના %*** |
|---|---|---|---|---|
| ઇન્ફિનિયા (મેટલ એડિશન) | રૂ. 12,500 | રૂ. 10 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ. 1000 દરેક બિલિંગ સાઇકલ વખતે | 2% |
| ઇન્ફિનિયા | રૂ. 10,000 | રૂ. 8 લાખ / પ્રતિ વર્ષ | | |
| ડાઈનર્સ બ્લેક (મેટલ એડિશન) | | રૂ. 8 લાખ / પ્રતિ વર્ષ | લાગુ પડતું નથી | |
| ડાઈનર્સ બ્લેક | | રૂ. 5 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ. 1000 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| H.O.G ડાઈનર્સ ક્લબ | રૂ. 10,000 | રૂ. 5 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ. 1000 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| બિઝબ્લેક મેટલ કાર્ડ | | રૂ. 7.5 લાખ / પ્રતિ વર્ષ | લાગુ પડતું નથી | |
| રિગાલિયા ગોલ્ડ | રૂ. 2,500 | રૂ. 4 લાખ / પ્રતિ વર્ષ | | |
| બિઝપાવર | | | | |
| ટાટા ન્યુ ઇનફિનિટી HDFC બેન્ક | રૂ. 1,499 | રૂ. 3 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે<br>રિગાલિયા માટે, ડૉક્ટર્સ રિગાલિયા, બિઝનેસ રિગાલિયા - રૂ.400 થી રૂ.5,000 ના વ્યવહારો માટે છૂટ<br>(ડાઈનર્સ વિશેષતા/હાર્લી ડેવિડસન ડાઈનર્સ ક્લબ માટે ફ્યુલ સરચાર્જ છૂટ લાગુ પડતી નથી | |

| | | | | |
|---|---|---|---|---|
| 6E પુરસ્કાર ઇંડિગો XL | રૂ. 1,500 | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | 2.50% |
| રિગાલિયા ફર્સ્ટ, બિઝનેસ રિગાલિયા ફર્સ્ટ ## | રૂ. 1,000 | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે<br>રિગાલિયા માટે, ડૉક્ટર્સ રિગાલિયા, બિઝનેસ રિગાલિયા - રૂ.400 થી રૂ.5,000 ના વ્યવહારો માટે છૂટ<br>(ડાઈનર્સ વિશેષતા/હાર્લી ડેવિડસન ડાઈનર્સ ક્લબ માટે ફ્યુલ સરચાર્જ છૂટ લાગુ પડતી નથી | 3.50% |
| ડાઈનર્સ ક્લબ પુરસ્કાર ## | | | | |
| ડાઈનર્સ ક્લબ માઈલ્સ ## | | | મહત્તમ છૂટ રૂ.499 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| ડાઈનર્સ વિશેષ | રૂ.1000 | રૂ.3 લાખ / પ્રતિ વર્ષ | ડાઈનર્સ વિશેષ માટે ફ્યુલ સરચાર્જ માટે છૂટ લાગુ પડતી નથી. | |
| રિગાલિયા બિઝનેસ, રિગાલિયા, ડાઈનર્સ ક્લબ પ્રીમિયમ, ડૉક્ટર્સ રિગાલિયા, હાર્લી ડેવિડસન ડાઈનર્સ ક્લબ ## | રૂ. 2,500 | રૂ.3 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે<br>રિગાલિયા માટે, ડૉક્ટર્સ રિગાલિયા, બિઝનેસ રિગાલિયા - રૂ.400 થી રૂ.5,000 ના વ્યવહારો માટે છૂટ<br>(ડાઈનર્સ વિશેષતા/હાર્લી ડેવિડસન ડાઈનર્સ ક્લબ માટે ફ્યુલ સરચાર્જ છૂટ લાગુ પડતી નથી | |
| 6E પુરસ્કાર ઇંડિગો | રૂ. 500 | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | |
| HDFC બેંક UPI, RuPay ક્રેડિટ કાર્ડ / HDFC બેંક UPI RuPay બિઝ ક્રેડિટ કાર્ડ | રૂ. 250 | રૂ.25,000 / પ્રતિ વર્ષ | લાગુ પડતું નથી | |
| સરળ EMI | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.250 દરેક બિલિંગ સાઇકલ વખતે | |

Version 2.3 Dated Nov-2024

| | | | | |
|---|---|---|---|---|
| બિઝનેસ પ્લેટિનમ | નિશુલ્ક | રૂ.30,000 / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| ટાઇમ્સ પ્લેટિનમ / ટાઇમ્સ કાર્ડ ક્રેડિટ પ્લેટિનમ | રૂ. 1,000 | રૂ.2.5 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| ઇક્વિટાસ એલિગન્સ | | | મહત્તમ છૂટ રૂ.250 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| મિલેનીયા | | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.250 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| ઇક્વિટાસ એક્સાઇટ | રૂ. 500 | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | મનીબેક, મનીબેક+ફ્રીડમ, બિઝગ્રો, બિઝફર્સ્ટ, GIGA બિઝનેસ માટે રૂ.. 400 થી રૂ.. 5,000 ના વ્યવહારો માટે છૂટ આપવામાં આવે છે. | |
| બિઝગ્રો | | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | | |
| બિઝફર્સ્ટ | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | | |
| GIGA બિઝનેસ | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | | |
| મનીબેક,<br>મનીબેક+<br>બિઝનેસ મનીબેક | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | | |
| ફ્રીડમ | | | | |
| બેસ્ટ પ્રાઇસ સેવ સ્માર્ટ | | | | |
| ઇંડિયન ઓઇલ HDFC બેન્ક | | | | |
| સ્મોલ બિઝનેસ મનીબેક | રૂ. 250 | રૂ.25,000 / પ્રતિ વર્ષ | | |
| ટાઇમ્સ ટીટેનિયમ/ટાઇમ્સ કાર્ડ ક્રેડિટ# (10 ફેબ્રુઆરી-2024થી અમલમાં) | રૂ. 500 | રૂ.1.5 લાખ / પ્રતિ વર્ષ | મહત્તમ છૂટ રૂ.250 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| શોપર્સ શોપ, બ્લેક HDFC બેન્ક | રૂ. 4,500 | લાગુ પડતું નથી | મહત્તમ છૂટ રૂ.500 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| સુપેરિયા | રૂ. 1,000 | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | | |
| પેટીએમ HDFC બેન્ક સિલેક્ટ | | 90 દિવસમાં રૂ.. 50,000 1 લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.. 1.5 લાખ પ્રતિ વર્ષ વાર્ષિક ફી પેટે. | | |
| ઓલમાઈલ્સ | | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | | |
| ડોક્ટર્સ સુપેરિયા | | | | |

Version 2.3 Dated Nov-2024

| | | | | |
|---|---|---|---|---|
| પેટીએમ HDFC બેન્ક સિલેક્ટ બિઝનેસ | | 90 દિવસમાં રૂ.60,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.. 1 લાખ પ્રતિ વર્ષ વાર્ષિક ફી પેટે. | | |
| બેસ્ટ પ્રાઇસ સેવ મેક્સ | | રૂ.75,000 / પ્રતિ વર્ષ | | |
| પાઇન લેબ્સ HDFC બેન્ક પ્રો | | 90 દિવસમાં રૂ.75,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.1,00,000 /પ્રતિવર્ષ વાર્ષિક ફી | | |
| પેટીએમ HDFC બેન્ક બિઝનેસ | રૂ. 500 | 90 દિવસમાં રૂ.30,000 1 લી વર્ષ માટે સભ્ય ફી અને 50,000 પ્રતિ વર્ષ વાર્ષિક ફી પેટે. | મહત્તમ છૂટ રૂ.250 દરેક બિલિંગ સાઇકલ વખતે | |
| ફાર્મસી HDFC બેન્ક | | 90 દિવસમાં રૂ.150 1લી વર્ષ માટે સભ્ય ફી અને 70,000 / પ્રતિવર્ષ વાર્ષિક ફી | | |
| IRCTC HDFC બેન્ક ક્રેડિટ કાર્ડ | | રૂ.1.5 લાખ / પ્રતિ વર્ષ | | |
| સ્નેપડીલ HDFC બેન્ક | | | | |
| ભારત કેશબેક/ટીચર્સ પ્લેટિનમ/સોલિટેર | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | | |
| બિઝનેસ ફ્રીડમ કાર્ડ/બિઝનેસ ભારત કેશબેક | | રૂ.20,000 / પ્રતિ વર્ષ | | |
| પેટીએમ HDFC બેન્ક | રૂ. 500 | 90 દિવસમાં રૂ. રૂ.30,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.50,000 / પ્રતિવર્ષ વાર્ષિક ફી | | |
| પેટીએમ HDFC બેન્ક ડિજિટલ ક્રેડિટ કાર્ડ | Rs.149 પ્રતિ વર્ષ | 30 દિવસમાં રૂ. 1,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.25,000 / પ્રતિવર્ષ વાર્ષિક ફી | | |

| | | | | |
|---|---|---|---|---|
| પાઇન લેબ્સ HDFC બેન્ક | રૂ. 499 | 90 દિવસમાં રૂ.45,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને 50,000 / પ્રતિવર્ષ વાર્ષિક ફી | | |
| રિટેલીઓ HDFC બેન્ક | | રૂ.50,000 / પ્રતિ વર્ષ | | |
| ફ્લિપકાર્ટ હોલસેલ | | રૂ.3 લાખ / પ્રતિ વર્ષ | | |
| ટાટા ન્યુ પ્લસ HDFC બેન્ક | | રૂ.1 લાખ / પ્રતિ વર્ષ | | |
| શોપર્સ સ્ટોપ HDFC બેન્ક | રૂ. 299 | | | |
| પ્લેટિનમ એજ | મફત | લાગુ પડતું નથી | | |
| બિઝનેસ પ્રોગ્રામ | રૂ. 500 | 90 દિવસમાં રૂ.20,000 1લી વર્ષ માટે સભ્ય ફી અને રૂ.1,00,000 / પ્રતિવર્ષ વાર્ષિક ફી | લાગુ પડતું નથી | |
| સ્વિગી HDFC બેન્ક ક્રેડિટ કાર્ડ | રૂ. 500 | રૂ.2 લાખ / પ્રતિ વર્ષ | | |
| મેરિયટ બોનવોય HDFC બેન્ક ક્રેડિટ કાર્ડ | રૂ. 3,000 | લાગુ પડતું નથી | | |

**#ટાઇમ્સ ટીટેનિયમનો CC ચાર્જ 2% થી 3.5% થનાર છે (10 ફેબ્રુઆરી 2024થી અમલમાં)**

**## FCC ના ચાર્જ 3.5% થનાર છે, 1 ઓગસ્ટ, 2024 થી**

*** વ્યવહારો બાકાત - કેશ ઓન કોલ, બેલેન્સ ટ્રાન્સફર, રોકડ ઉપાડ જેવા રાખવામાં આવેલ છે.**

**** ફ્યુલ સરચાર્જમાં છૂટ:** ફ્યુલ વ્યવહાર ઉપરની છૂટ ફ્યુલ વ્યવહારની રકમના 1% પર મર્યાદિત કરવામાં આવશે. ફ્યુઅલ સરચાર્જ પરનો GST પાછો ખેંચવામાં આવશે નહીં. સરચાર્જનો દર ફ્યુઅલ સ્ટેશન અને તેમની હસ્તગત બેંકના આધારે બદલાઈ શકે છે. વેપારીને ટર્મિનલ આપતી બેંક દ્વારા સરચાર્જ વસૂલવામાં આવે છે. ચાર્જ સ્લિપ પરની કિંમત ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટથી અલગ હશે, કારણ કે વ્યવહાર પૂર્ણ થયા પછી બેંક દ્વારા સરચાર્જ અને GST વસૂલવામાં આવે છે. યોગ્ય વ્યવહારો માટે 1% સરચાર્જ માફી (GST સિવાય) માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં અલગથી પ્રતિબિંબિત થશે. 6E રિવોર્ડ્સ / ટાટા ન્યુ / સ્વિગી HDFC બેંક ક્રેડિટ કાર્ડ દ્વારા ઉત્પાર્જિત કેશબેક/ મેરિયોટ બોનવોય/ ડાઈનર્સ પ્રિવિલેજ/ ડાઈનર્સ બ્લેક મેટલ/ ડાઈનર્સ બ્લેક/ H.O.G ડાઈનર્સ ક્લબ/ હાર્લી-ડેવિડસન ડાઈનર્સ ક્લબ/ બીઝબ્લેક મેટલ કાર્ડ/ બિઝપાવરના ઉપયોગ દ્વારા કરવામાં આવેલ ફ્યુલ વ્યવહારો પર રિવોર્ડ પોઈન્ટ્સ ઉપાર્જિત કરવામાં આવશે નહીં.

*** પતાવટની તારીખ મુજબ ચલણ રૂપાંતર દર લાગુ

ફી અને શુલ્ક અને નિયમો અને શરતોના સમયપત્રકમાં કોઈપણ ફેરફાર. સામાન્ય રીતે, ફેરફારો (જે નિયમનકારી આવશ્યકતાઓના પરિણામે છે તે સિવાય) 30 દિવસની નોટિસ આપીને સંભવિત અસર સાથે કરવામાં આવશે.

**ii. રોકડ એડવાંસ ફી:** કાર્ડમેમ્બર ભારત અથવા વિદેશના એટીએમમાંથી કટોકટી દરમિયાન રોકડ મેળવવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે છે. ઉપાડેલી રકમ પર 2.5% ટ્રાન્ઝેક્શન ફી (ઈન્ફિનિયા, ઈન્ફિનિયા મેટલ એડિશન સિવાય) અથવા રૂ.500 બેમાંથી જે વધારે હોય તે વસૂલવામાં આવશે અને તેનું બિલ આગામી સ્ટેટમેન્ટમાં કાર્ડમેમ્બરને આપવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ફી HDFC બેંકની વિવેકબુદ્ધિને આધારે બદલાઈ શકે છે. તમામ રોકડ એડવાન્સ પણ ઉપાડની તારીખથી પૂર્ણ ચુકવણીની તારીખ સુધી રિવોલ્વિંગ ક્રેડિટ પરના શુલ્ક (ચાર્જનું શેડ્યૂલ જુઓ) જેટલો ફાઇનાન્સ ચાર્જ વહન કરે છે. ફાઇનાન્સ ચાર્જ HDFC બેંકના વિવેકબુદ્ધિને આધારે બદલાઈ શકે છે.

(પેટીએમ HDFC બેંક ડિજિટલ ક્રેડિટ કાર્ડ માટે લાગુ પડતું નથી, કારણ કે રોકડ ઉપાડની મંજૂરી નથી.)

iii. **વ્યવહારો માટેના સર્વિસ ચાર્જ**: HDFC બેંક દ્વારા કાર્ડમેમ્બરને પૂરી પાડવામાં આવતી ચોક્કસ સેવાઓ માટે અથવા તેમના કાર્ડ એકાઉન્ટના સંદર્ભમાં કાર્ડમેમ્બર દ્વારા કરવામાં આવેલી ચૂક માટે, સમય-સમય પર લાગુ પડતાં ચાર્જિસ અને ફી, કાર્ડ મેમ્બર દ્વારા ચૂકવવાપાત્ર છે.

HDFC બેંક ગ્રાહકને યોગ્ય જાણ કરીને, સમયાંતરે યોગ્ય લાગે તે મુજબ કોઈપણ ચાર્જ અથવા ફીમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ નવા શુલ્ક અથવા ફી દાખલ કરવાનો અધિકાર જાળવી રાખે છે. ક્રેડિટ કાર્ડ્સ પરની લોન પરના વ્યાજ દરો, પ્રી-ક્લોઝર અને કેન્સલેશન ચાર્જિસ માટે, કૃપા કરીને ની મુલાકાત લો https://www.hdfcbank.com/persoલાગુ પડતું નથીl/borrow/popular-loans/easy-emi/easyemi-on-consumer-durables

બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, બેંકની આંતરિક માર્ગદર્શિકા અને નીતિને આધીન સબંધિત કેસ મુજબ કાર્ડ પર મંજૂર ક્રેડિટ મર્યાદાથી ઉપરના વ્યવહારોનું સન્માન કરવાનો અધિકાર અનામત રાખે છે.

**રેલવે ટિકિટ ખરીદી ફી**: વ્યવહારની રકમના 1% + GST રેલવે ટિકિટ ખરીદી પર વસૂલવામાં આવશે. (વિગતવાર ફી માળખા માટે IRCTC વેબસાઇટનો સંદર્ભ લો). IRCTC સિવાયના તમામ કાર્ડ માટે લાગુ.

**IRCTC HDFC બેંક ક્રેડિટ કાર્ડ માટે**: ચાર્જ રિવર્સલ તરીકે રેલવે ટિકિટ ખરીદી ફી તરીકે વ્યવહારની રકમના 1% માફ કરવામાં આવશે. સફળ વ્યવહાર પછી સદર ફી ઉલટાવી દઈ માફ કરવામાં આવશે. (વિગતવાર ફી માળખા માટે IRCTC વેબસાઇટનો સંદર્ભ લો)

a. **રૂપાંતરણ શુલ્ક - ઓટો EMI**: સરળ EMI ક્રેડિટ કાર્ડ પર રૂ. 10,000/- અથવા તેથી વધુના તમામ વ્યવહારો (ઇંધણ, સોનું અને જ્વેલરી સિવાય) પર લાગુ. EMI રૂપાંતરણ 9 મહિનાના કાર્યકાળ માટે, વાર્ષિક 20%ના વ્યાજ દરે અને તમામ લોનની રકમ માટે રૂ. 99 + GSTની પ્રોસેસિંગ ફી મુજબ કરવામાં આવશે.

b. **ઓવરલિમિટ એકાઉન્ટ પર શુલ્ક**: ઓવરલિમિટ રકમના 2.5%, ન્યૂનતમ રૂ.550ને આધીન (પેટીએમ HDFC બેંક ડિજિટલ ક્રેડિટ કાર્ડ માટે લાગુ પડતું નથી કારણ કે કોઈ ઓવર લિમિટ સુવિધા આપવામાં આવી નથી)

c. **પરત ચુકવણી બાબતનું શુલ્ક**: ચુકવણીની રકમના 2% ઓછામાં ઓછા રૂ.450ને આધીન

d. **વિલંબ બદલ ફી**: ઇન્સ્ટા જમ્બો લોન માટે બાકી ચૂકવણી/ EMI બાકીની આંશિક ચુકવણીના કિસ્સામા રૂ. 500 રૂપિયા વત્તા GST વસૂલ લેવામાં આવશે.,

e. **રોકડ પ્રક્રિયા ફી**: રૂ.100 (HDFC બેંકની શાખાઓ અથવા એટીએમમાં જમા કરીને કરવામાં આવતી તમામ કાર્ડ ચુકવણીઓ માટે)

f. **રિવોર્ડ રિડેમ્પશન ફી**: રૂ.99 પ્રતિ રિડેમ્પશન વિનંતી - ઈન્ફિનિયા/ઈન્ફિનિયા (મેટલ એડિશન)/ ડાઈનર્સ બ્લેક મેટલ એડિશન/ ડાઈનર્સ બ્લેક કાર્ડ/ બિઝબ્લેક મેટલ કાર્ડ/ એચઓજી ડાઈનર્સ ક્લબ ક્રેડિટ કાર્ડ સિવાયના તમામ કાર્ડ્સ માટે લાગુ.

ઇન્ડિગો HDFC બેંક કાર્ડ્સ માટે, કૃપા કરીને www.goIndiGo.in ની મુલાકાત લો.

ટાટા ન્યુ HDFC બેંક ક્રેડિટ કાર્ડ્સ માટે, કૃપા કરીને www.tatadigital.com ની મુલાકાત લો.

સ્વિગી HDFC બેંક ક્રેડિટ કાર્ડ માટે, કૃપા કરીને સ્વિગી એપ ઇન્સ્ટોલ કરો, કૃપા કરીને www.Swiggy.com ની મુલાકાત લો

નોંધ - 21મી જૂન 24 પછી બનાવવામાં આવેલ સ્ટેટમેન્ટ માટે, સ્વિગી HDFC બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને મેળવેલ કેશબેકની રકમ કાર્ડ સ્ટેટમેન્ટમાં બાકી બેલેન્સ સામે જમા કરવામાં આવશે. જો કે, 21મી જૂન 24 પહેલા બનાવવામાં આવેલ સ્ટેટમેન્ટ્સ માટે સ્વિગી મની મેળવેલા સ્વિગી એપ પર રિડીમ કરી શકાશે.

મેરિયોટ બોનવોય HDFC બેંક ક્રેડિટ કાર્ડ્સ માટે, કૃપા કરીને મુલાકાત લો: www.marriott.com **અથવા** https://marriottbonvoyasia.com/

**કેશબેક રીડેમ્પશન શુલ્ક**: કેશબેક રીડેમ્પશન દીઠ રૂ.50 (ઈન્ફિનિયા , ઈન્ફિનિયા (મેટલ એડિશન), ડાઈનર્સ બ્લેક, ડાઈનર્સ બ્લેક (મેટલ એડિશન), બિઝ બ્લેક, બિઝબ્લેક (મેટલ એડિશન), ટાટા ન્યુ ઇન્ફીનિટી, ટાટા ન્યુ પ્લસ, સ્વિગી, ફ્લિપકાર્ટ હોલસેલ, મેરિયટ બોનવોય, ઇન્ડિગો 6E રિવોર્ડ્સ, ઇન્ડિગો 6E રિવોર્ડ્સ XL, ઇન્ટરમાઈલ્સ) (1લી ઓગસ્ટ 24 થી અમલી)

g. **બેલેન્સ ટ્રાન્સફર પ્રોસેસિંગ શુલ્ક**: ટ્રાન્સફર કરવામાં આવેલ રકમના 1% અથવા રૂ.250, જે વધારે હોય તે.

h. **ડુપ્લિકેટ ફિઝિકલ સ્ટેટમેન્ટ શુલ્ક**: ડુપ્લિકેટ ફિઝિકલ સ્ટેટમેન્ટ દીઠ રૂ.10

i. **ઇન્સ્ટા લોન, જમ્બો લોન અને સ્માર્ટ EMI**:

• **ઇન્સ્ટા લોન અને જમ્બો લોન પ્રોસેસિંગ ફી**: ગ્રાહકની પાત્રતા/ઓફરની વિગતોના આધારે લાદવામાં આવેલી પ્રોસેસિંગ ફી રૂ. 999 સુધી (લોનની તમામ રકમ માટે GST સિવાય) છે.

• **સ્માર્ટ EMI પ્રોસેસિંગ ફી**: ગ્રાહકની પાત્રતા/ઓફરની વિગતોના આધારે પ્રોસેસિંગ ફી વસૂલવામાં આવે છે, (લોનની તમામ રકમ માટે GST સિવાય) રૂ. 999 સુધી.

• **સરળ EMI પ્રોસેસિંગ ફી**: વેપારી (1લી ઓગસ્ટ 24 થી અમલી) તરીકે EMI સુવિધા મેળવતા ગ્રાહકો માટે રૂ.299 સુધીની EMI પ્રોસેસિંગ ફી વસૂલવામાં આવશે.

• **પ્રી-ક્લોઝર ચાર્જીસ**: બાકી મૂળ રકમના 3%

j. **ભાડા ચૂકવણીના વ્યવહારો**: 1લી ઓગસ્ટ 2024 થી અમલી અમલી, જે તે મહિના માટે કોઈપણ સબંધિત વેપારી પર કરવામાં આવેલા ભાડાકીય વ્યવહારો

પર વ્યવહારની રકમ પર 1% ફી વસૂલવામાં આવશે. પ્રતિ ટ્રાન્ઝેક્શન ફી રૂ. 3000 સુધી મર્યાદિત છે.

**k. કાર્ડ માન્યતા શુલ્ક**: ક્રેડિટ કાર્ડ પર રૂ.2 ચાર્જ કરવામાં આવશે અને તે બેંક દ્વારા પરત કરવામાં આવશે નહીં (માસ્ટરકાર્ડ સિવાયના તમામ પ્રકારના કાર્ડ ઉપર).

POS ટર્મિનલ (માસ્ટરકાર્ડ વેરિઅન્ટ માટે લાગુ) પર રૂ.25 વસૂલવામાં આવશે અને તેને રદબાતલ કરવામાં આવશે, જેનો અર્થ છે કે વેપારી દ્વારા વ્યવહાર તમારા ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ દ્વારા સેટલ થાય તે પહેલાં તેને રદ કરવામાં આવે છે અને તેથી તે તમારા ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં દેખાશે નહીં.

રૂ.2નો 1લી જાન્યુઆરી 2024 થી માસ્ટરકાર્ડ વેરિઅન્ટ માટે POS ટર્મિનલ પર ચાર્જ લેવામાં આવશે અને તેને રદબાતલ કરવામાં આવશે.

**l. પ્રાયોરિટી પાસ લાઉન્જ શુલ્ક**: રેગાલિયા / ડોક્ટર્સ રેગાલિયા / રેગાલિયા ગોલ્ડ / ટાટા ન્યુ ઇન્ફિનિટી / બિઝનેસ રેગાલિયા / બિઝપાવર માટે): પ્રાયોરિટી પાસનો ઉપયોગ કરીને ભારતની તમામ લાઉન્જ મુલાકાતો માટે $27 (INR સમકક્ષ) + મુલાકાત દીઠ વ્યક્તિ દીઠ ટેક્સ ચાર્જ કરવામાં આવશે. ભારતની બહારની તમામ લાઉન્જ મુલાકાતો નિશુલ્ક મર્યાદાની બહાર $27 (INR સમકક્ષમાં) વસૂલવામાં આવશે - મુલાકાત દીઠ વ્યક્તિ દીઠ કર. કાર્ડના પ્રોડક્ટ ફીચર્સની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઇટનો સંદર્ભ લો. બધા અતિથિ/ઓ (પ્રાયોરિટી પાસ ધારકની સાથેની વ્યક્તિ) પાસેથી $27 (INR સમકક્ષ) + મુલાકાત દીઠ વ્યક્તિ દીઠ ટેક્સ વસૂલવામાં આવશે.

**m. V2P સ્માર્ટહબ વ્યાપાર ચાર્જ**: સ્માર્ટહબ વ્યાપારમાં V2P મોડ્યુલ દ્વારા વેન્ડર પેમેન્ટ્સ / યુટિલિટી પેમેન્ટ્સ/ GSTની ચૂકવણી ઉપર 1% નું ફ્લેટ વ્યાજ + ટ્રાન્ઝેક્શનની રકમ પર GST, બિઝનેસ કાર્ડ્સ પર ચાર્જ કરવામાં આવશે.

**n. ખોવાયેલ, ચોરાયેલ અથવા ક્ષતિગ્રસ્ત કાર્ડને ફરીથી જારી કરવું**: રૂ.100

**o. બહારના મથકોના ચેક પ્રોસેસિંગ ચાર્જ**: રૂ.5,000 સુધીના ચેક મૂલ્ય માટે રૂ.25 અને રૂ.5,000થી વધુના મૂલ્ય માટે રૂ.50.

**p. ડાયનેમિક કરન્સી કન્વર્ઝન માર્કઅપ ફી**: 1લી જાન્યુઆરી 2023થી અમલમાં આવ્યા મુજબ ભારતીય ચલણમાં આંતરરાષ્ટ્રીય સ્થાન પર ચૂકવણી ઉપર અથવા ભારતમાં સ્થિત હોય પરંતુ વિદેશમાં નોંધાયેલા હોય તેવા વેપારીઓની ચૂકવણી ઉપર 1% માર્કઅપ ફી વસૂલવામાં આવશે.

**q. એડ-ઓન કાર્ડ ફી**: આજીવન મફત

**r. ઇંધણ શુલ્ક**: નીચેથી વધુ રકમના ઇંધણ વ્યવહાર પર 1% ફી વસૂલવામાં આવશે -

ગ્રાહક કાર્ડ માટે રૂ. 15,000

બિઝનેસ કાર્ડ માટે રૂ. 30,000

કુલ વ્યવહાર કરેલ રકમ પર ફી લાગુ કરવામાં આવશે. પ્રતિ ટ્રાન્ઝેક્શન મહત્તમ ફી રૂ. 3000 સુધી મર્યાદિત છે.

(1લી ઓગસ્ટ 24 થી અમલી)

**s. યુટિલિટી ચાર્જિસ**: યુટિલિટી ટ્રાન્ઝેક્શન પર 1% ફી વસૂલવામાં આવશે

વ્યવહાર દીઠ ગ્રાહક કાર્ડ માટે રૂ. 50,000

વ્યવહાર દીઠ બિઝનેસ કાર્ડ માટે રૂ.75,000

કુલ વ્યવહાર કરેલ રકમ પર ફી લાગુ કરવામાં આવશે. પ્રતિ ટ્રાન્ઝેક્શન મહત્તમ ફી રૂ. 3000 સુધી મર્યાદિત છે.

**(1લી ઓગસ્ટ 24 થી અમલી)**

**t. એજ્યુકેશન શુલ્ક**: CRED, ફોનપે, નો-બ્રોકર ચેક વગેરે જેવી તૃતીય પક્ષ એપ્લિકેશનો (અહીં સુધી જ મર્યાદિત નથી) દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વ્યવહારો પર 1% ફી વસૂલવામાં આવશે. મહત્તમ ફી રૂ. 3000 પ્રતિ ટ્રાન્ઝેક્શન પર મર્યાદિત છે

કૉલેજ/શાળાની વેબસાઈટ દ્વારા અથવા તેમના પરિસરમાં POS મશીનો દ્વારા સીધા કરવામાં આવેલા શૈક્ષણિક વ્યવહારો પર શુલ્ક લેવામાં આવશે નહીં.

આંતરરાષ્ટ્રીય શિક્ષણ વ્યવહારો ઉપર શુલ્ક લેવામાં આવશે નહીં

(1લી ઓગસ્ટ 24 થી અમલી)

કાર્ડ ધરાવનાર સભ્ય બીલ, ફી અને બુકિંગ માટેની રકમ ચૂકવવા અને ઓનલાઈન અથવા સ્ટોરમાં ખરીદી કરવા માટે HDFC બેંક ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. કેટલીકવાર, આ સ્થાનો સાથે કામ કરતી સભ્ય બેંકો કાર્ડનો ઉપયોગ કરવા માટે ફી વસૂલ કરે છે. આ ફી સભ્ય બેંકો દ્વારા બદલવામાં આવી શકે છે અને તમારા બિલમાં ઉમેરવામાં આવી શકે છે. HDFC બેંક આ ફીને નિયંત્રિત કરતી નથી, તેથી તમારે તેને ચૂકવવાની રહેશે.

**iv. વ્યાજમુક્ત (રાહતનો સમયગાળો)**: વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો 20 થી 50 દિવસ સુધીનો હોઈ શકે છે, જે ચોક્કસ ક્રેડિટ કાર્ડ પર લાગુ થતી સ્કીમ અને ચોક્કસ ક્રેડિટ કાર્ડ રજૂ કર્યેથી (કૃપા કરીને શુલ્કની સૂચિનો સંદર્ભ લો) અને વેપારી દ્વારા દાવો રજૂ કરવાને આધીન હોઈ શકે છે. જો કે, જો પાછલા મહિનાનું બેલેન્સ સંપૂર્ણ રીતે ક્લિયર ન થયું હોય અથવા કાર્ડ મેમ્બરે ATM માંથી રોકડનો લાભ લીધો હોય તો આ લાગુ પડશે નહીં. દાખલા તરીકે, HDFC બેંક ઇન્ટરનેશનલ પ્લેટિનમ પ્લસ કાર્ડમાં 50 દિવસ સુધીનો વ્યાજમુક્ત ક્રેડિટ સમયગાળો છે. આનો અર્થ એ થયો કે જે ગ્રાહકની બિલિંગ તારીખ મહિનાની 4 તારીખ છે તે તેના કાર્ડ પર 5મી એપ્રિલથી 4મી મે સુધી ખર્ચ કરી શકે છે, તેનું બિલ 4 મે ના રોજ જનરેટ થશે અને તેની ચુકવણીની તારીખ 24મી મે હશે. આથી 14મી એપ્રિલે કરવામાં આવેલી ખરીદીનો ક્રેડિટ પિરિયડ 41 દિવસનો હશે, જ્યારે 2જી મેના રોજ કરવામાં આવેલી ખરીદીનો ક્રેડિટ પિરિયડ 23 દિવસનો હશે.

આ સમયગાળો ફક્ત ત્યારે જ વ્યાજમુક્ત રહેશે જો અગાઉના તમામ લેણાંની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવેલ હોય અને અગાઉના મહિનાઓની કોઈ ચૂકવણી બાકી રહેલી ન હોય.

**બિઝબ્લેક મેટલ કાર્ડ, બિઝપાવર, બિઝગ્રો, બિઝ ફર્સ્ટ, GIGA બિઝનેસ માટે વ્યાજમુક્ત ક્રેડિટ પીરિયડ:**

વ્યાજમુક્ત ક્રેડિટ અવધિ 25 થી 55 દિવસ સુધીની છે. દાખલા તરીકે, જો બિલિંગ તારીખ 4મી હોય, તો ગ્રાહક 5મી એપ્રિલથી 4મી મે સુધી તેના કાર્ડ પર ખર્ચ કરી શકે છે, બિલ 4 મેના રોજ જનરેટ થશે અને ચુકવણીની તારીખ 28મી મે હશે. આથી 5મી એપ્રિલે કરવામાં આવેલી ખરીદીનો ક્રેડિટ પિરિયડ 54 દિવસનો હશે, જ્યારે 2જી મેના રોજ કરવામાં આવેલી ખરીદીનો ક્રેડિટ પિરિયડ 27 દિવસનો હશે

**v. ફરતી ક્રેડિટ અને રોકડ એડવાન્સ શુલ્ક:**

| કાર્ડનો પ્રકાર | ચાર્જ ( GST સિવાય) | |
|---|---|---|
| | માસિક | વાર્ષિક |
| **ઇન્ફિનિયા, ઇન્ફિનિયા (મેટલ એડિશન), ડાઈનર્સ બ્લેક એડિશન, ડાઈનર્સ બ્લેક, બિઝબ્લેક મેટલ કાર્ડ, HOG ડાઈનર્સ ક્લબ** | 1.99% | 23.88% |
| **અન્ય તમામ પ્રકારના કાર્ડ્સ** | 3.75% | 45.0% |

(નવીનીકરણ 1 ઓગસ્ટ 24 થી લાગુ)

ફિક્સ્ડ ડિપોઝિટ 1.99% દર મહિને (વાર્ષિક 23.88%) સામે જારી કરાયેલા કાર્ડ્સ માટે - વ્યવહારની તારીખથી લાગુ (1 ઓક્ટોબર,2022 થી કાર્ડના પ્રકાર મુજબ સમાન રીવોલ્વીંગ દર લાગુ પડશે).

કાર્ડમેમ્બર પોતાનું બેલેન્સ સંપૂર્ણ ચૂકવવાનું પસંદ ન કરે તેવી સ્થિતિમાં વ્યવહારની તારીખથી તમામ વ્યવહારો પર માસિક ટકાવારીના દરે ફાઇનાન્સ ચાર્જિસ ચૂકવવાપાત્ર છે, અને કાર્ડમેમ્બર દ્વારા લેવામાં આવેલ તમામ રોકડ, એડવાન્સ, જ્યાં સુધી તે પાછા ચૂકવવામાં ન આવે ત્યાં સુધી ચૂકવવાપાત્ર રહેશે. ફાઇનાન્સ ચાર્જીસ, જો ચૂકવવાપાત્ર હોય, તો કાર્ડ મેમ્બરના ખાતામાં ડેબિટ કરવામાં આવે છે જ્યાં સુધી કાર્ડ પરની બાકી રકમ સંપૂર્ણ રીતે ચૂકવવામાં ન આવે.

રોકડ એડવાન્સ પર નાણાંકીય શુલ્ક વ્યવહારની તારીખથી સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી લાગુ થાય છે.

જ્યારે ગ્રાહક કોઈપણ બાકી રકમ અથવા રોકડ એડવાન્સનો લાભ મેળવે છે, ત્યારે સરેરાશ દૈનિક બેલેન્સ પદ્ધતિ દ્વારા ગણવામાં આવતો ફાઇનાન્સ ચાર્જ, આગળ વહન કરેલા બેલેન્સ અને નવા બિલિંગ પર લાગુ થશે.

જો કોઈ કાર્ડધારક HDFC બેંક ક્રેડિટ કાર્ડની રિવોલ્વિંગ ક્રેડિટ સુવિધાનો લાભ લે છે અને તેથી માસિક બિલિંગ સ્ટેટમેન્ટમાં પ્રતિબિંબિત કુલ બાકી રકમ કરતાં ઓછી રકમ ચૂકવવાનું પસંદ કરે છે, તો ચાર્જિસ સિવાયની બાકીની સંપૂર્ણ રકમ ઉપર ફાઇનાન્સ ચાર્જ લાગુ થશે અને તમામ નવા વ્યવહારો ઉપર પણ જ્યાં સુધી અગાઉની બાકી રકમની સંપૂર્ણ ચુકવણી કરવામાં ન આવે ત્યાં સુધી ફાઇનાન્સ શુલ્ક લાગુ થશે.

જો ક્રેડિટ કાર્ડ બિન-ચુકવણીને કારણે રદ થવાની સ્થિતિમાં આવે, તો કાર્ડની બાકી ચુકવણીની સંપૂર્ણ પ્રાપ્તિ સુધી લાગુ ફાઇનાન્સ શુલ્ક વસૂલવામાં આવશે.

**vi. વિલંબિત વ્યાજ શુલ્ક-માસિક અને વાર્ષિક ધોરણે ચૂકવવાપાત્ર:** વિલંબિત ચૂકવણી ચાર્જીસ (ઇન્ફિનિયા, ઇન્ફિનિયા (મેટલ એડિશન) સિવાય) લાગુ થશે જો ચુકવણીની નિયત તારીખ સુધીમાં ન્યૂનતમ બાકી રકમ ચૂકવવામાં ન આવે, તો વિલંબિત ચૂકવણી ચાર્જીસ ટાળવા માટે, ચોખ્ખી રકમ HDFC બેંક કાર્ડ એકાઉન્ટમાં ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં જમા કરાવવાની જરૂર છે. વિગતો માટે વિભાગ 'શેડ્યૂલ ઑફ ચાર્જિસ' નો સંદર્ભ લો.

ઓવર લિમિટ ચાર્જિસ (ઇન્ફિનિયા, ઇન્ફિનિયા-મેટલ એડિશન સિવાય) મર્યાદા ઓછામાં ઓછી રૂ.550 બેસિસ સ્પષ્ટ સંમતિને આધીન ઓવરલિમિટ રકમના 2.5% ના દરે ક્રેડિટ મર્યાદા કરતાં વધી ગયેલ કુલ બાકી રકમ પર લાગુ પડે છે. જો કાર્ડધારક મંજૂર ક્રેડિટ મર્યાદાથી વધુ અને તેનાથી ઉપરની રકમની કોઈપણ મર્યાદાનો લાભ લેવાનો પ્રસ્તાવ મૂકે તો, કાર્ડધારક, બેંક દ્વારા નિર્ધારિત ફોર્મ અને રીતે, આવી વધારાની મર્યાદા (ઓવર લિમિટ) માટે સ્પષ્ટ સંમતિ આપવી જોઈએ, જે બેંક તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિ મુજબ મંજૂર કરવામાં આવી શકે છે. કાર્ડધારક દ્વારા આવી સ્પષ્ટ સંમતિ આપ્યેથી, કાર્ડધારકની મંજૂર ક્રેડિટ મર્યાદા ઓવર લિમિટની સમકક્ષ રકમથી વધી જશે

**નીચે આપેલ ઉદાહરણ વિવિધ શુલ્કની ગણતરી કરવાની પદ્ધતિ સૂચવે છે**

ધારો કે તમે અગાઉના તમામ લેણાં સંપૂર્ણ ચૂકવી દીધા છે અને તમારા કાર્ડ એકાઉન્ટમાં કોઈ રકમ ચૂકવવાની બાકી નથી. તમારા સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 18મી છે. તમે તમારા કાર્ડ એકાઉન્ટ પર કરેલા વ્યવહારોની સૂચિ નીચે મુજબ છે.

| તારીખ | વ્યવહાર | રકમ |
|---|---|---|
| 10-એપ્રિલ | માલસામાનની ખરીદી | રૂ.15,000 |
| 15-એપ્રિલ | કપડાંની ખરીદી | રૂ.5,000 |
| 18-એપ્રિલ | સ્ટેટમેન્ટની તારીખ | કુલ ચૂકવવા જોગ રકમ = રૂ.20,000<br>ચૂકવવા જોગ ન્યૂનતમરકમ =રૂ.1,000 |
| 12-મે | કાર્ડ ખાતામાં ચૂકવણી (અહીં વિલંબિત ચૂકવણી શુલ્ક લાગુ થશે) | રૂ.2,000 (ક્રેડિટ) |
| 14-મે | કરિયાણા ખરીદી | રૂ.1,000 |
| 15-મે | કાર્ડ ચૂકવણી | રૂ.15,000 |

આમ, 18 મેના સ્ટેટમેન્ટમાં, તમારા દ્વારા ચૂકવવાપાત્ર કુલ રકમના ઘટક તરીકે નીચે મુજબ પ્રતિબિંબિત થશે.

**વ્યાજની ગણતરી** = (બાકી રકમ* 3.75% દર મહિને (એટલે કે, વાર્ષિક 45%) * દિવસોની સંખ્યા)/365. તેથી,

a. 10 એપ્રિલથી 11 મે સુધી (એટલે કે 32 દિવસ માટે) દર મહિને રૂ.15,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ = રૂ.591.75

12 મે થી 14 મે સુધી દર મહિને રૂ.13,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 3 દિવસ માટે) = રૂ.48.08

15 એપ્રિલથી થી 14 મે સુધી દર મહિને રૂ.5,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 30 દિવસ માટે) = રૂ.184.93

15 મે થી 18 મે સુધી દર મહિને રૂ.3,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 4 દિવસ માટે) = રૂ.14.79

(તાજેતરમાં ખર્ચ) કરવામાં આવેલ રૂ. 1,000 ઉપર 3.75% પ્રતિ માસ (એટલે કે, વાર્ષિક 45%) લેખે 14 મે થી 18 મે (એટલે કે 5 દિવસ માટે) કુલ વ્યાજ = રૂ.6.16

**કુલ વ્યાજ = રૂ.845.75**

b. વિલંબિત ચુકવણી શુલ્ક = રૂ.900 (ઇન્ફિનિયા સિવાય)

c. વ્યાજ અને વિલંબિત ચુકવણી શુલ્ક ઉપર GST @ 18% = રૂ.314.23

d. કુલ બાકી રકમ = રૂ.4,000 (રૂ.1,000 ખર્ચ + ગયા મહિનાના બિલિંગ સમયગાળાથી બાકી રૂ.3,000)

આથી કુલ બાકી રકમ = (a) + (b) +(c) + (d) = રૂ.6059.99

**નીચેનું ઉદાહરણ બિઝબ્લેક મેટલ કાર્ડ, બિઝપાવર, બિઝગ્રો, બિઝફર્સ્ટ, GIGA બિઝનેસ માટે વિવિધ શુલ્કની ગણતરી કરવાની પદ્ધતિ સૂચવે છે.**

| તારીખ | વ્યવહાર | રકમ |
|---|---|---|
| 10-એપ્રિલ | માલસામાનની ખરીદી | રૂ.15,000 |
| 15-એપ્રિલ | કપડાંની ખરીદી | રૂ.5,000 |
| 15-એપ્રિલ | સ્ટેટમેન્ટની તારીખ | કુલ ચૂકવવા જોગ રકમ = રૂ.20,000<br>ચૂકવવા જોગ ન્યૂનતમરકમ =રૂ.1,000 |
| 12-મે | ચુકવણીની નિયત તારીખ | |
| 15-મે | કાર્ડ ખાતામાં ચૂકવણી (અહીં વિલંબિત ચૂકવણી શુલ્ક લાગુ થશે) | રૂ.7,000 (ક્રેડિટ) |
| 17-મે | કરિયાણા ખરીદી | રૂ.1,000 |
| 18-મે | સ્ટેટમેન્ટની તારીખ | રૂ.14,000 |

**વ્યાજની ગણતરી** = (બાકી રકમ * 3.75% દર મહિને (એટલે કે, 45% પ્રતિ વર્ષ) * દિવસોની સંખ્યા) / 365. તેથી,

e. 10 એપ્રિલથી થી 14 મે સુધી દર મહિને રૂ.15,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 35 દિવસ માટે) = રૂ.647.26

15 મે થી 18 મે સુધી દર મહિને રૂ.8,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 4 દિવસ માટે) = રૂ.39.45

15 એપ્રિલથી થી 18 મે સુધી દર મહિને રૂ.5,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 35 દિવસ માટે) = રૂ.209.59

17 મે થી 18 મે સુધી દર મહિને રૂ.1,000 @ 3.75% (એટલે કે, વાર્ષિક 45%) લેખે વ્યાજ (એટલે કે 2 દિવસ માટે) = રૂ.2.47

**કુલ વ્યાજ = રૂ.898.77**

f. વિલંબિત ચુકવણી શુલ્ક = રૂ.900 (ઇન્ફિનિયા સિવાય)

g. વ્યાજ અને વિલંબિત ચુકવણી શુલ્ક ઉપર GST @ 18% = રૂ.323.78

h. કુલ બાકી રકમ = રૂ.14,000 (રૂ.1,000 ખર્ચ + ગયા મહિનાના બિલિંગ સમયગાળાથી બાકી રૂ.13,000)

આથી કુલ બાકી રકમ = (a) + (b) +(c) + (d) = રૂ.16,122.55

મહેરબાની કરીને નોંધ કરો કે ફાઇનાન્સ ચાર્જિસ અને અન્ય શુલ્ક HDFC બેંકની વિવેકબુદ્ધિને આધારે બદલાઈ શકે છે.

ચોક્કસ સંજોગોમાં વસૂલવામાં આવી શકે તેવા શુલ્કોની સૂચિ માટે, કૃપા કરીને આ દસ્તાવેજના અંતે ઉપલબ્ધ શુલ્કની સૂચિનો સંદર્ભ લો. ન્યૂનતમ બાકી રકમ (MAD) - રિટેલ બેલેન્સના 5%/ રોકડ એડવાન્સ બેલેન્સ અને ફાઇનાન્સ ચાર્જિસ અને ચાર્જિસના 100%, કાર્ડમાં બિલ કરાયેલ લોન, શુલ્ક અને કર આગામી ઉચ્ચ દસક સુધી કરવામાં આવેલ ગણતરી મુજબ.

(પેટીએમ HDFC બેંક ડિજિટલ ક્રેડિટ કાર્ડ માટે:

રિટેલ બેલેન્સના 10% / રોકડ એડવાન્સ

બેલેન્સ અને ફાઇનાન્સ ચાર્જિસ અને ચાર્જિસ, કાર્ડ હેઠળ બિલ કરવામાં આવેલ લોન EMI, અન્ય વસૂલાત અને કરના 100%)

**ઉદાહરણ:** જો MAD ની રકમ રૂ.1,503.50 (રૂપિયા એક હજાર પાંચસો ત્રણ અને પચાસ પૈસા માત્ર) હોય, તો ગણતરી પછી તે દસમા અંકના આગામી ગુણાંકમાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે એટલે કે, રૂ.1,510.00 (રૂપિયા એક હજાર પાંચસો અને દસ માત્ર).

**1 ઓક્ટોબર 2022 થી આગળ**

| ઉદાહરણ (રકમ રૂ. લાખમાં) | | |
|---|---|---|
| A | રીટેલ/ રોકડ બાકી બેલેન્સ | 50,000 |

| | | |
|---|---|---|
| B | ફાઇનાન્સ શુલ્ક | 1,800 |
| C | ઓવર લિમિટ ચાર્જીસ | 550 |
| D | વિલંબિત ચૂકવણી ફી | 1100 |
| E | ચુકવણી પરત થયેથી ફી | 500 |
| F | સરળ EMI – મુદ્દલ | 500 |
| G | સરળ EMI – વ્યાજ | 1,500 |
| | **કુલ ચૂકવવા જોગ બાકી રકમ** | **55,950** |

| ન્યૂનતમ રકમની બાકી ગણતરી | | | |
|---|---|---|---|
| H | રીટેલ/ રોકડ બાકી બેલેન્સ + ફાઇનાન્સ ચાર્જ * (રૂ. 50000/- + રૂ. 18000/- ના 5%) | 2,590 | *5%* |
| I | ઓવર લિમિટ ચાર્જીસ | 550 | *100%* |
| J | વિલંબિત ચૂકવણી ફી | 1,100 | *100%* |
| K | ચુકવણી પરત થયેથી ફી | 500 | *100%* |
| L | સરળ EMI – મુદ્દલ | 500 | *100%* |
| M | સરળ EMI – વ્યાજ | 1,500 | *100%* |
| | **ન્યૂનતમ રકમની બાકી** | **6,740** | |

* MAD ગણતરીના હેતુ માટે ફાઇનાન્સ ચાર્જિસના 5% (દર મહિને 3.75% એટલે કે, 45.0% વાર્ષિક) લેખે ગણવામાં આવે છે.

નીચેનું ઉદાહરણ એ ધારણા પર તૈયાર કરવામાં આવ્યું છે કે ગ્રાહકે સમયસર ચુકવણી કરી નથી કે કુલ બાકી રકમ (TAD) ક્લિયર કરી નથી.

વધુ વિગતો માટે, HDFC બેંકની વેબસાઇટ www.hdfcbank.com પર દર્શાવેલ વેલકમ કિટ અથવા FAQ અને નિયમો અને શરતો વિભાગનો સંદર્ભ લો. નીચેનું ઉદાહરણ LPC ની ગણતરી કરવાની પદ્ધતિ સૂચવે છે:

| LPC નું ઉદાહરણ | | |
|---|---|---|
| A | સ્ટેટમેન્ટની તારીખ | 1 મે 22 |
| B | સ્ટેટમેન્ટ તૈયાર | 25,000.00 |
| C | MAD | 1,250.00 |
| D | ચુકવણીની નિયત તારીખ | 20 મે, 22 |
| E | રાહતની તારીખ | 23 મે, 22 |
| F | બિલ કર્યા સિવાયનો વપરાશ -1 મે થી 23 મે, 2022 | 5,000.00 |
| G | 23 મે,2022 ના રોજ કુલ ચૂકવવા જોગ બાકી રકમ (A+E) | 30,000.00 |
| H | પ્રાપ્ત થયેલ રકમ – MAD – રૂ. 1250.00 | 25 મે, 22 |
| I | સ્ટેટમેન્ટમાં દર્શાવેલ બેલેન્સ ઉપર લાગુ LPC | **900** |

**બિઝબ્લેક મેટલ કાર્ડ, બિઝપાવર, બિઝગ્રો, બિઝફર્સ્ટ, GIGA બિઝનેસ માટે LPC નું ઉદાહરણ:**

| LPC નું ઉદાહરણ | | |
|---|---|---|
| A | સ્ટેટમેન્ટની તારીખ | 1 મે 22 |
| B | સ્ટેટમેન્ટ તૈયાર | 25,000.00 |
| C | MAD | 1,250.00 |
| D | ચુકવણીની નિયત તારીખ | 25 મે, 22 |
| E | રાહતની તારીખ | 28 મે, 22 |
| F | બિલ કર્યા સિવાયનો વપરાશ -1 મે થી 28 મે, 24 | 5,000.00 |
| G | 28 મે, 22 ના રોજ કુલ ચૂકવવા જોગ બાકી રકમ (B+F) | 30,000.00 |
| H | પ્રાપ્ત થયેલ રકમ – MAD – રૂ. 1250.00 | 30 મે, 22 |
| I | સ્ટેટમેન્ટમાં દર્શાવેલ બેલેન્સ ઉપર લાગુ LPC | **900** |

**ડિફોલ્ટના કિસ્સામાં શુલ્ક** (કોઈ ચુકવણી નહીં અથવા વિલંબિત ચુકવણી): બેસિસ ક્રેડિટ કાર્ડ બિલની રકમ (ઇન્ફિનિયા (મેટલ એડિશન) સિવાય) (1લી ઓગસ્ટ'24 થી અમલમાં)

| બાકી બેલેન્સ | વિલંબિત ચૂકવણી ચાર્જ ( GST સિવાય) |
|---|---|
| રૂ.100 અથવા તેનાથી ઓછું | કોઈ નહીં |
| રૂ.101 થી રૂ.500 | રૂ.100/- |
| રૂ.501 થી રૂ.1,000 | રૂ.500/- |
| રૂ.1,001 થી રૂ.5,000 | રૂ.600/- |
| રૂ.5,001 થી રૂ.10,000 | રૂ.750/- |
| રૂ.10,001 થી રૂ.25,000 | રૂ.900/- |
| રૂ.25,001 થી રૂ.50,000 | રૂ.1100/- |
| રૂ.50,000 કરતાં વધુ | રૂ.1300/- |

**B) ઉપાડની મર્યાદા**

i. **ક્રેડિટ મર્યાદા:** HDFC બેંક તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી કાર્ડમેમ્બરની ક્રેડિટ મર્યાદા અને રોકડ ઉપાડ મર્યાદા નક્કી કરશે. (એડ-ઓન કાર્ડસભ્યો પ્રાથમિક કાર્ડધારકો જેટલી જ મર્યાદા ધરાવે છે).

ii. **ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા:** આ મર્યાદા કાર્ડ સભ્યને કાર્ડ ડિલિવરી સમયે અને માસિક સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવે છે. સ્ટેટમેન્ટ બનાવતી વખતે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા માસિક સ્ટેટમેન્ટના ભાગ રૂપે પ્રદાન કરવામાં આવે છે. HDFC બેંક સમયાંતરે કાર્ડમેમ્બર એકાઉન્ટની સમીક્ષા કરશે અને કાર્ડમેમ્બરની ક્રેડિટ લિમિટ તેમના આંતરિક માપદંડોના આધારે ઘટાડી શકે છે. આવા કિસ્સામાં, બેંક તરત જ તેના કારણ સહિત, SMS અથવા ઈ-મેલ દ્વારા જાણ કરશે અને ત્યારબાદ લેખિતમાં પુષ્ટિ કરશે. જે કાર્ડ સભ્ય તેમની ક્રેડિટ મર્યાદા વધારવા માંગે છે તેઓ બેંકને પત્ર લખીને અને તેમની આવક જાહેર કરતા નાણાકીય

દસ્તાવેજો આપીને આમ કરી શકે છે. બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને પ્રદાન કરેલા આવા નવા દસ્તાવેજોના આધારે, કાર્ડમેમ્બરની ક્રેડિટ મર્યાદા વધારી શકે છે.

iii. **રોકડ ઉપાડની મર્યાદા**: ક્રેડિટ મર્યાદાના 40% (પેટીએમ HDFC બેંક ડિજિટલ ક્રેડિટ કાર્ડ માટે લાગુ પડતું નથી કારણ કે રોકડ ઉપાડની મંજૂરી નથી)

C) બિલિંગ

i. **બિલિંગ પત્રક -સમયગાળો અને મોકલવાની પદ્ધતિ**: HDFC બેંક કાર્ડમેમ્બરને એક માસિક સ્ટેટમેન્ટ મોકલશે જેમાં છેલ્લી સ્ટેટમેન્ટથી કાર્ડમેમ્બરના ખાતામાં જમા થયેલી ચૂકવણી અને ડેબિટ થયેલા વ્યવહારો દર્શાવવામાં આવશે. બેંક દર મહિને પૂર્વ-નિર્ધારિત તારીખે કાર્ડ એકાઉન્ટમાં થયેલા વ્યવહારોનું સ્ટેટમેન્ટ બેંક સાથેના રેકોર્ડ પરના મેઈલિંગ એડ્રેસ/ઈમેલ આઈડી (customerservices.cards@hdfcbank.com) પર મોકલશે. સ્ટેટમેન્ટ મોકલવાની પદ્ધતિ ગ્રાહકની પસંદગી મુજબ ભૌતિક/ઈમેલ હશે. કાર્ડધારકોને ફોન બેંકિંગનો સંપર્ક કરીને, ઈ-મેલ દ્વારા (customerservices.cards@hdfcbank.com પર) અથવા એમઆઈટીસીમાં અપડેટ થયા મુજબ ભૌતિક પત્રો મોકલીને તેમની સુવિધા અનુસાર ક્રેડિટ કાર્ડના બિલિંગ ચક્રમાં ઓછામાં ઓછું એકવાર ફેરફાર કરવાનો વિકલ્પ આપવામાં આવશે.

* **કૃપા કરીને બેંક દ્વારા અધિકૃત સિવાયના અન્ય માધ્યમો દ્વારા ચૂકવણી કરવાનું ટાળો.**

ii. **ચૂકવવાજોગ ન્યૂનતમ રકમ**: રિટેલ બેલેન્સ / કેશ એડવાન્સ બેલેન્સ અને ફાઇનાન્સ ચાર્જિસના 5% અને ચાર્જિસ, કાર્ડ હેઠળ બિલ કરાયેલ લોન EMI, અન્ય વસૂલાત અને કર, પાછલા મહિનાના બાકીના 100% અને પછીના ઉચ્ચ દસક સુધી પૂર્ણાંક. જો કે,

• ઉપરોક્ત વિગતો મુજબ MAD મૂલ્યની ગણતરી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં રૂ. 200ની નીચે અથવા તેની બરાબર હોય, ત્યારે MAD મૂલ્ય રૂ. 200/- તરીકે વસૂલવામાં આવશે

• જ્યાં કુલ બાકી રકમ (TAD) નું સ્ટેટમેન્ટ મૂલ્ય રૂ 200 અથવા તેનાથી ઓછું હોય, ત્યાં MAD TAD ની બરાબર રહેશે.

(પેટીએમ HDFC બેંક ડિજિટલ ક્રેડિટ કાર્ડ માટે: રિટેલ બેલેન્સ / રોકડ એડવાન્સ બેલેન્સ અને ફાઇનાન્સ ચાર્જિસ અને ચાર્જિસના 100%, કાર્ડમાં બિલ કરાયેલ લોન, શુલ્ક અને કર)

રિટેલ બેલેન્સનો અર્થ એ છે કે તમામ રોકડ એડવાન્સિસ, બેલેન્સ ટ્રાન્સફર, હપ્તા ચુકવણી યોજનાઓ, અન્ય ક્રેડિટ પ્લાન્સ, ફી અને શુલ્કને બાદ કરતાં, સ્ટોર દ્વારા અથવા ક્રેડિટ કાર્ડમાંથી ઑનલાઇન દ્વારા માલ અથવા સેવાઓની તમામ ખરીદી.

HDFC બેંક ક્રેડિટ કાર્ડ્સ કાર્ડ-મેમ્બરને રિવોલ્વિંગ ક્રેડિટની સુવિધા આપે છે. કાર્ડમેમ્બર સ્ટેટમેન્ટ પર છાપેલ ન્યૂનતમ બાકી રકમ જ ચૂકવવાનું પસંદ કરી શકે છે. બાકી રહેલી રકમને પછીના સ્ટેટમેન્ટમાં આગળ લઈ જઈ શકાય છે. કાર્ડમેમ્બર કુલ બાકી રકમ અથવા લઘુત્તમ બાકી રકમ કરતાં વધુ રકમ ચૂકવવાનું પણ પસંદ કરી શકે છે.

આવી ચુકવણી ચુકવણીની નિયત તારીખ પહેલાં કરવી જોઈએ. વિલંબિત ચૂકવણી ચાર્જીસ ટાળવા માટે ચુકવણીની નિયત તારીખે અથવા તે પહેલાં ક્લિયર ફંડ HDFC બેંક કાર્ડ એકાઉન્ટમાં જમા કરાવવાની જરૂર રહે છે. કાર્ડધરાવનાર સભ્યોને ચુકવણીની નિયત તારીખની અંદર પેમેન્ટ કાર્ડ એકાઉન્ટ પર પ્રતિબિંબિત થાય તે સુનિશ્ચિત કરવા માટે ચુકવણીની નિયત તારીખ પહેલા જ સ્થાનિક ચેકો જમા કરાવવાની સલાહ આપવામાં આવે છે. પાછલા સ્ટેટમેન્ટની કોઈપણ ન ચૂકવવામાં આવેલ બાકી રકમ કાર્ડમેમ્બરની ક્રેડિટ મર્યાદા કરતાં વધી ગયેલી બાકી રકમ ઉપરાંત કાર્ડમેમ્બરની વર્તમાન લઘુત્તમ બાકી રકમમાં ઉમેરવામાં આવશે.

કાર્ડની બાકી રહેતી ચુકવણીઓ પછીના સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવે છે. કાર્ડમેમ્બરના કાર્ડની બાકી રકમ સામે મળેલી ચુકવણીઓ તમામ મર્યાદા પૂર્વે બંધ કરવામાં આવેલ લોન (લોન પ્રિન્સિપલ બાકી / પ્રી-ક્લોઝર ચાર્જીસ + GST), GST, ફી અને ચાર્જિસ (ફાઇનાન્સ ચાર્જિસ સિવાય), ફાઇનાન્સ ચાર્જિસ, EMI, રોકડ એડવાન્સ અને તે ક્રમમાં છૂટક ખરીદી મુજબ એડજસ્ટ કરવામાં આવે છે.

iii. **ચૂકવણી પદ્ધતિ**: કાર્ડ એકાઉન્ટની ચૂકવણી નીચેની કોઈપણ રીતે કરી શકાય છે:

a) **Pay Zapp**- વડે ઝડપી ક્રેડિટ કાર્ડ બિલની ચૂકવણી કરો. હમણાં જ એપ ડાઉનલોડ કરો અને એક જ સ્વાઇપ સાથે સીમલેસ પેમેન્ટનો આનંદ લો..

b) **મોબાઈલ બેંકિંગ** - મોબાઈલ બેંકિંગ એપમાં લોગિન કરો, તમારા ઓળખપત્રો દાખલ કરો, તમારું કાર્ડ પસંદ કરો અને તમારી ચુકવણી પૂર્ણ કરવાની પુષ્ટિ કરો.

c) **નેટબેંકિંગ અને ATM**: જો કાર્ડમેમ્બર પાસે HDFC બેંક ખાતું હોય, તો તેઓ નેટબેંકિંગ અને ATM દ્વારા ચુકવણી કરી શકે છે

d) **સ્થાયી સૂચના HDFC એકાઉન્ટ (ઓટો ડેબિટ)**: જો કાર્ડમેમ્બર પાસે HDFC બેંક ખાતું હોય, તો તેઓ સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન સુવિધા પસંદ કરી શકે છે, જ્યાં કાર્ડ મેમ્બરના HDFC બેંક એકાઉન્ટમાંથી કાર્ડ મેમ્બરના કાર્ડ એકાઉન્ટમાં ચુકવણીની નિયત તારીખે આપમેળે ફંડ ટ્રાન્સફર થઈ શકે છે. ચુકવણીની નિયત તારીખે કાર્ડમેમ્બર દ્વારા નોમિનેટ કરાયેલા રજિસ્ટર્ડ એકાઉન્ટ ખાતે ઓટોમેટિક ડેબિટની પ્રક્રિયા કરવામાં આવશે અને કાર્ડ એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

કાર્ડમેમ્બર દ્વારા સેટ કરેલી સંપૂર્ણ સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન (SI) રકમની વસૂલાત ન થવાના કિસ્સામાં, ચુકવણીના પ્રયાસો પછી ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ પર કાર્ડમેમ્બર પાસેથી SI નિષ્ફળ ચાર્જ વસૂલવામાં આવશે. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે કુલ બાકી રકમ (TAD) પુનઃપ્રાપ્ત કરવામાં નિષ્ફળતા પછી લઘુત્તમ બાકી રકમ (MAD) ની પુનઃપ્રાપ્તિને કારણે ચુકવણીની નિયત તારીખે બાકી રહેલ ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ પર ઑટોપે રિટર્ન શુલ્ક વસૂલવામાં આવશે.

**ઉદાહરણો:**

**પરિદ્રશ્ય 1:** કાર્ડમેમ્બર કુલ બાકી રકમ (TAD) પર SI સુવિધા માટે પસંદ કરે છે અને SI રકમ રૂ.10,000 છે અને નામાંકિત ખાતામાં અપૂરતા ભંડોળને કારણે સિસ્ટમ માત્ર રૂ.500 (ન્યૂનતમ બાકી રકમ) વસૂલ કરે છે, આવા કિસ્સામાં ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ એટલે કે, રૂ.10,000 - રૂ.500 = રૂ.9,500 ઉપર ચુકવણી રિટર્ન ફી વસૂલવામાં આવશે. તેવી જ રીતે, દાખલા તરીકે જો સિસ્ટમ માત્ર આંશિક રકમ વસૂલ કરવામાં સક્ષમ હોય, જેમ કે રૂ.200 કે જે ન્યૂનતમ બાકી રકમ (MAD) ચુકવણી વળતર ફી કરતાં ઓછી છે, તો ચૂકવણી રિટર્ન ચાર્જ ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ પર વસૂલવામાં આવશે એટલે કે, રૂ.10,000 - રૂ.200 = રૂ.9,800.

**પરિદ્રશ્ય 2:** કાર્ડમેમ્બર કુલ બાકી રકમ (TAD) પર SI સુવિધા પસંદ કરે છે અને SI રકમ રૂ.10,000 છે. ઉદાહરણ તરીકે, જો ચુકવણીની નિયત તારીખ પહેલાં આંશિક ચુકવણી પ્રાપ્ત થાય છે, ધારો કે રૂ.200 અને ત્યારબાદ સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન ફેસિલિટી નિષ્ફળ જાય છે, તો ચૂકવણી રિટર્ન ફી ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ એટલે કે એટલે કે, રૂ.10,000 - રૂ.200 = રૂ.9,800 પર વસૂલવામાં આવશે

**e) NEFT / RTGS / IMPS:** ગ્રાહક અન્ય બેંક ખાતામાંથી NEFT / RTGS ફંડ ટ્રાન્સફર પદ્ધતિ દ્વારા પણ ચુકવણી કરી શકે છે (IFSC કોડ HDFC0000128 નો ઉપયોગ કરો) અથવા VISA મની ટ્રાન્સફર સુવિધા / IMPS નો ઉપયોગ કરી શકે

**f) બિલ ડેસ્ક:** જો કાર્ડમેમ્બર પાસે HDFC બેંક ખાતું ન હોય, તો કાર્ડમેમ્બર અન્ય બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને બિલ ડેસ્ક સુવિધા દ્વારા ચુકવણી કરી શકે છે.

**g) ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ:** HDFC બેંકની શાખાઓ અને ATM માં મૂકવામાં આવેલા કોઈપણ HDFC બેંક ક્રેડિટ કાર્ડ ડ્રોપ બોક્સમાં ચુકવણીના સાધન (ચેક અથવા ડ્રાફ્ટ) ને ડ્રોપ કરીને ચૂકવણી કરી શકાય છે. ચેક ડ્રાફ્ટ HDFC બેંક કાર્ડ નંબર xxxx xxxx xxxx xxxx ખાતે ચૂકવવાપાત્ર હોવો જોઇએ. કૃપયા કરીને સુનિશ્ચિત કરો કે HDFC બેંકના ચેકના કિસ્સામાં ચેક/ડ્રાફ્ટ નિયત તારીખના ઓછામાં ઓછા 3 કામકાજના દિવસો પહેલા અને નોન-HDFC બેંક ચેકની નિયત તારીખના 5 કામકાજના દિવસો પહેલા જમા કરવામાં આવે.

**h) રોકડ ચુકવણી:** બેંકની શાખાઓમાં રોકડ ચુકવણી દ્વારા.

i) વિઝા મની ટ્રાન્સફર માત્ર વિઝા કાર્ડ ધારકો માટે

**iv. બિલિંગ વિવાદનું નિરાકરણ:** જો કાર્ડમેમ્બર લેખિતમાં સ્ટેટમેન્ટની તારીખના 30 દિવસની અંદર વિસંગતતા વિશે HDFC બેંકને જાણ નહીં કરે તો સ્ટેટમેન્ટની તમામ સામગ્રી સાચી હોવાનું અને સ્વીકારવામાં આવેલ હોવાનું માનવામાં આવશે. આવી માહિતી મળ્યેથી, HDFC બેંક તપાસ બાકી રાખીને કામચલાઉ ધોરણે ચાર્જ ઉલટાવી શકે છે. જો તપાસ પૂર્ણ થવા પર, આવા શુલ્કની જવાબદારી કાર્ડસભ્યોના ખાતાની જણાય, તો સંબંધિત શુલ્ક સાથે અનુગામી નિવેદનમાં ચાર્જ પુનઃસ્થાપિત કરવામાં આવશે. ગ્રાહકો તરફથી વિવાદની પ્રાપ્ત થયેથી, મહત્તમ ત્રીસ દિવસની અંદર, જ્યાં લાગુ પડતું હોય ત્યાં બેંક સભ્ય બેંક પાસેથી જરૂરી દસ્તાવેજો પ્રાપ્ત કરીને પ્રદાન કરશે જે વિઝા / માસ્ટર કાર્ડ / ડાઈનર્સ ક્લબ / રુપે વગેરે જેવી સંબંધિત ફ્રેન્ચાઇઝી દ્વારા નિર્ધારિત કાર્યકારી માર્ગદર્શિકાને આધીન રહેશે. ફી અને ચાર્જીસ/વ્યાજ પરના કોઈપણ વિવાદ પર લાદવામાં આવેલ GST પાછો ખેંચવામાં આવશે નહીં.

**v. કાર્ડ જારી કારનારનું સંપૂર્ણ સરનામું:** HDFC બેંક કાર્ડ્સ વિભાગ, પોસ્ટ બોક્સ નં. 8654, ડોર નં.: 94 SP, એસ્ટેટ બસ સ્ટેન્ડ, વેવિન મેન રોડ, મોગ્ગા પેર પશ્ચિમ, ચેન્નાઈ - 600058.

**vi. ટોલ ફ્રી નંબર, ઈ-મેઈલ આઈડી, અને ગ્રાહક સેવા માટેનો ખાસ SMS નંબર, ફરિયાદ નિવારણ અધિકારીનો સંપર્ક નંબર:** કાર્ડમેમ્બર કોઈપણ પૂછપરછ કરવા અથવા કોઈપણ ફરિયાદ નિવારણ માટે HDFC બેંક ક્રેડિટ કાર્ડ્સનો સંપર્ક કરી શકે છે:

- **કોલ સેન્ટરો:** ભારતની અંદર 1800 1600 / 1800 2600 / ભારત બહારથી +91 22 6160 6160
- **ઈન્ફિનિયા / ઈન્ફિનિયા (મેટલ એડિશન)/ ડાઈનર્સ બ્લેક મેટલ એડિશન/ ડાઈનર્સ બ્લેક કાર્ડના ગ્રાહકો:** કૃપા કરીને 24 કલાક માટે સમર્પિત ગ્રાહક સંભાળ નંબર માટે https://www.hdfcbank.com/infinia ની મુલાકાત લો
- **બિઝબ્લેક મેટલ કાર્ડ ગ્રાહકો:**

કૉલ સેન્ટર - 1800 266 3310

સેવાકર્તા - 1800 118 887

- **મેરિયોટ બોનવોય HDFC બેંકના ગ્રાહકો:** 1800 309 3100 સમર્પિત સેવાઓ માટે (સવારે 9 થી 9 વાગ્યા સુધી).
- **મેઇલ:** HDFC બેંક કાર્ડ્સ ડિવિઝન, પોસ્ટ બોક્સ નં. 8654, ડોર નં. 94 SP, એસ્ટેટ બસ સ્ટેન્ડ, વેવિન મેન રોડ, મોગ્ગા પેર પશ્ચિમ, ચેન્નાઈ - 600058.
- **ઇમેઇલ:** customerservices.cards@hdfcbank.com

• **ફરિયાદ નિવારણ અધિકારી:** 044 6108 4900 09:30 AM થી 05:30 PM સોમવારથી શુક્રવાર વચ્ચે

**વિભાગ II: અન્ય MITC**

**D) ડિફોલ્ટ અને સંજોગો**

**i. કાર્ડહોલ્ડરને ડિફૉલ્ટર જાહેર કરવા માટેની નોટિસ પીરિયડ સહિતની પ્રક્રિયા:** જ્યાં વિલંબિત ચૂકવણી બાકી ન હોય તેવા કિસ્સામાં ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ્સ પર ચુકવણીની નિયત તારીખથી 3 દિવસના રાહત દિવસોની મંજૂરી આપવામાં આવે છે. ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ પર ઉલ્લેખિત ચુકવણીની નિયત તારીખ એ તારીખ છે જે તારીખે ક્રેડિટ કાર્ડમાં સ્પષ્ટ ભંડોળ જમા થવું આવશ્યક છે, જો કે ચુકવણીની પ્રક્રિયાના સમયને સમાવવા માટે 3 ગ્રેસ દિવસ આપવામાં આવે છે. ત્યારબાદ બેંક ક્રેડિટ કાર્ડ એકાઉન્ટને 'વિલંબિત ચૂકવણી' તરીકે ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CICs) ને જાણ કરશે અને જ્યારે ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ 3 દિવસથી વધુ સમય માટે 'વિલંબિત ચૂકવણી' ધરાવતો રહે છે ત્યારે વિલંબિત ચુકવણી શુલ્ક વસૂલ લેવામાં આવશે. જો કે, ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત ચુકવણીની નિયત તારીખથી ગણતરી કરવામાં આવશે.

ડિફોલ્ટના કિસ્સામાં, કાર્ડમેમ્બરને કાર્ડ એકાઉન્ટ પરની કોઈપણ બાકી રકમની પતાવટ માટે, પોસ્ટ, ફેક્સ, ટેલિફોન, ઈ-મેલ, SMS સંદેશા દ્વારા અને/અથવા તૃતીય પક્ષો દ્વારા કાર્ડ મેમ્બરને યાદ અપાવવા, ફોલોઅપ કરવા અને લેણાં એકત્રિત કરવા માટે સમયાંતરે રીમાઇન્ડર મોકલવામાં આવશે. આ રીતે નિમણૂક કરાયેલ કોઈપણ તૃતીય પક્ષ, દેવાની વસૂલાત પર આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરશે.

જો કાર્ડધારક દરેક માસિક બિલિંગ સ્ટેટમેન્ટ હેઠળ લઘુત્તમ બાકી રકમ અથવા કુલ બાકી રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો, બેંકે કાર્ડ પર કામચલાઉ બ્લોક મૂકવો પડશે અને જો કાર્ડધારક લઘુત્તમ બાકી રકમ અથવા બાકીની કુલ રકમ 7 (સાત) દિવસની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાય તો ગ્રાહકને આવી બિન-ચુકવણી અને કાર્ડધારકને ડિફોલ્ટર તરીકે ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (CIC) ને જાણ કરવાના હેતુ વિશે કાર્ડધારકને જાણ કરવી પડશે.

**ii. ડિફોલ્ટ રિપોર્ટ પરત લેવાની પ્રક્રિયા અને બાકી રકમની ચૂકવણી પછી ડિફોલ્ટ રિપોર્ટ પરત લેવા માટેનો સમયગાળો**

જો કાર્ડધારક 7 (સાત) દિવસની નોટિસ અવધિની સમાપ્તિ પછી લઘુત્તમ બાકી રકમ અથવા કુલ બાકી રકમની ચુકવણી કરે છે, તો બેંક લેણાંની પતાવટની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર સ્થિતિ અપડેટ કરશે. જો ગ્રાહક દ્વારા વ્યવહારો બાબતે વિવાદ ઊભો કરવામાં આવે તો ગ્રાહક દ્વારા વિવાદિત રકમની સમકક્ષ અસ્થાયી ક્રેડિટ ગ્રાહકના ક્રેડિટ કાર્ડ ખાતામાં આપવામાં આવશે.

**iii. ડિફોલ્ટના કિસ્સામાં પુન પ્રાપ્તિ પ્રક્રિયા**

ડિફોલ્ટના કિસ્સામાં, બેંક દ્વારા કરવામાં આવેલી માંગ પર, જો કાર્ડ પર બાકી રહેલી બાકી રકમ નિયત સમયમાં ચૂકવવામાં ન આવે તો; બેંક પાસે કોઈપણ ખાતામાં અથવા બેંકની કસ્ટડીમાં રાખવામાં આવેલા કાર્ડમેમ્બર અને/અથવા એડ-ઓન કાર્ડમેમ્બરના તમામ નાણાં પર નોટિસ વિના પૂર્વાધિકાર અને ભરપાઈ કરવાનો અધિકાર રહેશે. પરત ચુકવણીની પતાવટ દરમિયાન, જો ઉપલબ્ધ રિવોર્ડ પોઈન્ટ્સ બેલેન્સ વ્યવહાર માટે જરૂરી પોઈન્ટ્સ કરતાં ઓછા હોય, તો બેંક ગ્રાહક કાર્ડ/એકાઉન્ટ પર તફાવતની રકમ બાદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

**iv. કાર્ડધારકના મૃત્યુ/કાયમી અસમર્થતાના કિસ્સામાં લેણાંની વસૂલાત**

નાદારી, વિસર્જન, અથવા સમાપ્તિ સહિત કાર્ડમેમ્બરનું મૃત્યુ અથવા અસમર્થતા, કાર્ડમેમ્બર તેમજ કોઈપણ એડ-ઓન કાર્ડ મેમ્બર્સને આપવામાં આવેલ કાર્ડને આપમેળે રદ કરવામાં પરિણમશે. કોઈપણ સરકાર અથવા નિયમનકારી સંસ્થાની સૂચનાઓ મુજબ કાર્ડ સસ્પેન્ડ કરવામાં આવશે. કાર્ડ રદ કર્યેથી અથવા સસ્પેન્શન કર્યેથી, કાર્ડ એકાઉન્ટ પરની તમામ બાકી રકમ તરત જ ચૂકવવા જોગ બાકી હોવાનું માનવામાં આવશે. કાર્ડમેમ્બરની તમામ બાકી રકમો તાત્કાલિક ચૂકવવાની જવાબદારી હોવા છતાં, બેંક અમલમાં રહેલા સંબંધિત કાયદાઓ અનુસાર તે વસૂલ કરવા માટે હકદાર રહેશે.

**v. કાર્ડધારક માટે ઉપલબ્ધ વીમા કવચ, જો કોઈ હોય તો અને નોમિનેશન વિગતો સહિત પોલિસીના સક્રિયકરણની તારીખ**

પસંદ કરવામાં આવેલ ક્રેડિટ કાર્ડના પ્રકાર એક રાહત વીમા કવર ધરાવે છે. પૉલિસી કવરેજ ક્રેડિટ કાર્ડ સેટઅપની તારીખથી શરૂ થાય છે. નોમિની વિગતો અને નિયમો અને શરતો અપડેટ કરવા વિશેની માહિતી માટે, કૃપા કરીને ઉપયોગ માર્ગદર્શિકાનો સંદર્ભ લો.

**E) કાર્ડ રદ / કાર્ડના સભ્યપદની સમાપ્તિ**

**i. કાર્ડ હોલ્ડર દ્વારા કાર્ડ પરત કરવા/બંધ કરવા માટેની પ્રક્રિયા:** હું/અમે સમજીએ છીએ કે HDFC બેંક ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ(ઓ)નો ઉપયોગ વિનિમય નિયંત્રણ નિયમો, સ્થાનિક કાયદાઓ અથવા સમયાંતરે લાગુ થતા નિયમનકારી સત્તાધિકારીઓના કાયદા અનુસાર સખત રીતે થશે, વધુમાં, ફોરેક્સ ટ્રેડિંગ, લોટરી, સટ્ટાબાજી, જુગાર, ડેટિંગ, બિટકોઇન્સ, વર્ચ્યુઅલ કરન્સી સાથે સંકળાયેલા વ્યવહારો માટે કાર્ડનો ઉપયોગ કરવામાં આવશે નહીં, અને પોતાને/અમને આ બાબતે અપડેટ રાખવા માટે હું/અમે મારી/અમારી જવાબદારીઓ તરીકે સ્વીકારી છીએ અને આમ કરવામાં કોઈપણ નિષ્ફળતાના કિસ્સામાં, હું/અમે વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ 1999 અથવા તેના વૈધાનિક ફેરફારો અથવા તેના પુનઃસુધારણા હેઠળની કાર્યવાહી માટે જવાબદાર રહીશું.





Back to Table of Content

**ii. ઉપરોક્ત માટે વેબસાઇટ ઉપર ખાસ ઉપલબ્ધ કરાવવામાં આવેલ લિન્ક**

જો કોઈ ગ્રાહક કાર્ડ બંધ કરવા/પરત કરવા ઈચ્છે તો - ગ્રાહક નીચેની ચેનલો દ્વારા વિનંતી કરી શકે છે.

| ચેનલ | પાથ/સંપર્ક માટેની વિગતો |
|---|---|
| MyCards | www.hdfcbank.com > Log in > Credit Cards > Card Control > Services > Other Action > Card Closure |
| EVA | Visit www.hdfcbank.com > Click on EVA icon > Type Closure of Credit Card. |
| શાખા બેંકિંગ | ફક્ત શાખાની મુલાકાત લો અને અમારા સ્ટાફ સાથે વાત કરો. |

**iii. કાર્ડ હોલ્ડર માટે કાર્ડ બંધ કરવા માટેની સંપર્ક વિગતો/ અવરોધીત- ઈમેઈલ આઈડી, SMS, IVRS માટેના ખાસ ટેલિફોન નંબર**

| ચેનલ | પાથ/સંપર્ક માટેની વિગતો |
|---|---|
| ફોન બેંકિંગ / IVR | 1800 1600 \ 1800 2600 (સમગ્ર ભારતમાં સુલભ) |
| ફોન બેંકિંગ: બિઝબ્લેક મેટલ કાર્ડ ગ્રાહક | 1800 266 3310 |
| વોટ્સએપ બેંકિંગ | 70700 22222 > Type Close Credit Card > Option will be displayed for hotlisting |
| ઇમેઇલ | અમને લખો customerservices.cards@hdfcbank.com |

એકવાર ઉપરોક્ત ચેનલો દ્વારા વિનંતી કરવામાં આવે તે પછી, કાર્ડ દ્વારા તાત્કાલિક અસરથી કોઈ વ્યવહાર કરી શકાશે નહીં કારણ કે તે બ્લોક થઈ જશે.

કાર્ડના બંધ / હોટલિસ્ટિંગ પહેલાં કાર્ડમેમ્બર દ્વારા કરવામાં આવેલા કોઈપણ વ્યવહારો અને જે વેપારી દ્વારા પછીના તબક્કે રજૂ કરવામાં આવે છે / દાવો કરવામાં આવે છે તે નવા કાર્ડ પર કાર્ડમેમ્બરને બિલ આપવામાં આવશે, જે આવા વ્યવહારો માટે ચૂકવણી માટે હાલના ક્રેડિટ કાર્ડને બ્લોક કર્યા પછી જનરેટ કરવામાં આવશે.. જનરેટ થયેલ નવો કાર્ડ નંબર કાર્ડમેમ્બરની વિનંતી પર જ ફરીથી જારી / મોકલવામાં આવશે.

કાર્ડ બંધ થયા પછી પણ બેંક ક્રેડિટ કાર્ડ ખાતામાં ક્રેડિટ/ચુકવણીઓ સ્વીકારશે. કાર્ડમેમ્બર વર્તમાન કાર્ડ બંધ થયા પહેલા કરવામાં આવેલ કોઈપણ વ્યવહારો માટે ચૂકવણી કરવા માટે બંધાયેલો રહેશે અથવા બંધાયેલ છે. કાર્ડ સભ્યના બંધ ક્રેડિટ કાર્ડ (જો કોઈ હોય તો) પર જો તે પછીના મહિનાઓ દરમિયાન ચૂકવણી ન કરવામાં આવી હોય તો, બેંક આ બાકી ચુકવણીની જાણ CIC ને કરશે.

જો ક્રેડિટ કાર્ડ કાર્ડ ખુલ્યાની તારીખના 30 (ત્રીસ) દિવસની અંદર એક્ટિવેટ કરવામાં આવ્યું ન હોય અથવા તેનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય, તો બેંક કાર્ડધારકને કાર્ડનો ઉપયોગ ન કરવા અથવા સક્રિય ન થવા અંગે જાણ કરશે અને કાર્ડધારકને કાર્ડને સક્રિય કરવા અથવા તેનો ઉપયોગ શરૂ કરવા આવી સૂચનાની તારીખથી 7 (સાત) દિવસની અંદર વિનંતી કરશે. જો કાર્ડધારક 7 (સાત) દિવસની અંદર કાર્ડનો ઉપયોગ કરવાનું શરૂ ન કરે, તો બેંક દ્વારા કાર્ડ ખાતું બંધ કરવામાં આવશે.

જો બેંક કાર્ડના ઉપયોગમાં અસામાન્ય અને અસાધારણ ટ્રાન્ઝેક્શન થતાં હોવાની નોંધ લે છે, તો બેંક તેના રેકોર્ડ પર ઉપલબ્ધ ગ્રાહકના રજિસ્ટર્ડ ફોન નંબર પર ગ્રાહક સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે, જેથી કાર્ડ દ્વારા થયેલ વ્યવહારની વિશ્વસનીયતા ચકાસવામાં આવી શકે. ગ્રાહક સાથે સંપર્ક સ્થાપિત કરવામાં બેંક નિષ્ફળ જાય તો, અને બેંક વ્યાજબી રીતે કાર્ડધારકના ખાતર અને સુરક્ષાના કારણોસર તે જરૂરી માનતી હોય તો બેંક કોઈપણ વધુ સૂચના વિના કાર્ડનો ઉપયોગ પ્રતિબંધિત/સમાપ્ત કરી શકે છે. જો કાર્ડમેમ્બર ચૂકવણીમાં ડિફોલ્ટ કરે અથવા ઉપયોગ ક્રેડિટ મર્યાદા કરતાં વધી જાય તો HDFC બેંક ક્રેડિટ કાર્ડ પરની સુવિધાને સ્થગિત કરશે. કરાર સમાપ્ત થયા પછી અથવા કાર્ડ એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવે ત્યારપછી ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

